# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-06-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હિંદ મહાસાગરની સુરક્ષા અને સમૃદ્ધિ ને ભારત અને સેશેલ્સ વચ્ચેની સહિયારી જવાબદારી ગણાવી.
2) સેશેલ્સના સર્વોચ્ચ પુરસ્કાર "ગાર્ડિયન ઓફ ધ બ્લુ હોરાઇઝન"થી પ્રધાનમંત્રીનું સન્માન.
3) પ્રધાનમંત્રીએ કહ્યું, સ્વદેશી C-295 વિમાનની પ્રથમ ઉડાનને ઉડ્ડયન ક્ષેત્રમાં મોટી સફળતા.
4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતના ગાંધીનગરમાં પીએમ ફેમિલી કેર ટ્રેકર ડેશબોર્ડના પાયલોટ પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો
5) યુરોપમાં તીવ્ર ગરમી યથાવત્ - ફ્રાંસમાં અત્યાર સુધી એક હજારના મોત.
6) પુરુષોની આંતરરાષ્ટ્રીય T20 ક્રિકેટની અંતિમ મેચમાં યજમાન આયર્લેન્ડે ભારતને જીતવા 155 રનનો લક્ષ્યાંક આપ્યો

.........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# FUR-REV-DAY-PM-SEYCHELLES-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે , હિંદ મહાસાગરની સુરક્ષા અને સમૃદ્ધિ ભારત અને સેશેલ્સ વચ્ચેની સહિયારી જવાબદારી છે. વિક્ટોરિયામાં દ્વિપક્ષીય વાટાઘાટો બાદ સેશેલ્સના રાષ્ટ્રપ્રમુખ પેટ્રિક હર્મિની સાથે સંયુક્ત પત્રકાર પરિષદ ને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે ભારત એક એવા હિંદ મહાસાગરની કલ્પના કરે છે જ્યાં દરિયાઈ સુરક્ષા આર્થિક સમૃદ્ધિ દ્વારા પૂરક બને.

(BYTE- PM-MODI---SEYCHELLES)

બંને દેશ વચ્ચે કૃષિ , નાણાં, અવકાશ અને આરોગ્ય સહિત અનેક ક્ષેત્રોમાં કરારોનું આદાન-પ્રદાન થયું.

દરમિયાન સેશેલ્સના રાષ્ટ્રપ્રમુખે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને તેમના દૂરંદેશી નેતૃત્વ, ટકાઉ વિકાસ અને આબોહવા સ્થિતિસ્થાપકતા પ્રત્યેની પ્રતિબદ્ધતા માટે દેશના સર્વોચ્ચ સન્માન, 'ગાર્ડિયન ઓફ ધ બ્લુ હોરાઇઝન', એનાયત કર્યો.

# MINISTERS-PM CONGRATULATIONS

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ , વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકર અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સહિતના મંત્રીઓએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને -'ગાર્ડિયન ઓફ ધ બ્લુ હોરાઇઝન 'પુરસ્કારથી સન્માનિત થવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# PM-SEYCHELLES ASSEMBLY ADDRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું આબોહવા કાર્યવાહી યોગ્ય, જવાબદારીપૂર્ણ અને સમાન હોવી જોઈએ. સેશેલ્સની રાષ્ટ્રીય સભાને સંબોધન કરતાં , પ્રધાનમંત્રીએ કહ્યું કે સેશેલ્સ અને ભારત બંને વિકાસ વધુ સમાવિષ્ટ હોય અને જ્યાં આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સમકાલીન વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરે તેવું વિશ્વ ઈચ્છે છે.

શ્રી મોદીએ કહ્યું કે હિંદ મહાસાગર માટેના ભારતના દ્રષ્ટિકોણમાં સેશેલ્સનું વિશેષ સ્થાન છે. તેમણે કહ્યું કે હિંદ મહાસાગર ભારત અને સેશેલ્સને અલગ કરતું નથી પરંતુ બંને દેશોને જોડે છે.

## MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , જૂન મહિનામાં સ્વદેશી C-295 વિમાનની પ્રથમ ઉડાન સાથે ભારતે ઉડ્ડયન ક્ષેત્રમાં મોટી સફળતા હાંસલ કરી છે. આજે આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરતાં તેમણે કહ્યું કે દેશમાં હાલમાં આવા વધુ 40 વિમાનોનું ઉત્પાદન થઈ રહ્યું છે. શ્રી મોદીએ કહ્યું હતું કે આનાથી સૂક્ષ્મ , નાના અને મધ્યમ ઉદ્યોગો ક્ષેત્ર અને એરોસ્પેસ ક્ષેત્રને પ્રોત્સાહન મળી રહ્યું છે.

**(BYTE: NEW-PM-ON-MADE-IN-INDIA)**

પ્રધાનમંત્રીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ વિશે વાત કરી. આ વર્ષે , આ કાર્યક્રમ 2500થી વધુ સ્થળોએ યોજાયો હતો. તેમણે કહ્યું કે ભારત અમદાવાદમાં વિશ્વ યોગ સ્પર્ધામાં 102 સુવર્ણ ચંદ્રકો સહિત કુલ 114 ચંદ્રકો જીતી ટોચના સ્થાને રહ્યું.તેમણે વિજેતાઓને અભિનંદન પાઠવ્યા.

પ્રધાનમંત્રીએ કહ્યું કે પશ્ચિમ એશિયામાં યુદ્ધ જેવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, તેમની અપીલના પ્રતિભાવમાં , કેટલાક સ્થળોએ નાગરિકોએ એકતા દર્શાવી અને સોનાની ખરીદી અને વિદેશ યાત્રાને અસ્થાયી રૂપે મુલતવી રાખી.

**(BYTE: PM-ON-WEST-ASIA)**

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે સરકાર દેશભરના લાખો પરિવારોને અકસ્માત વીમો પૂરો પાડી રહી છે.

પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અંગે , શ્રી મોદીએ જણાવ્યું કે આ યોજના હેઠળ, દુ:ખદ મૃત્યુના કિસ્સામાં નજીકના સગાને ₹2 લાખ સુધીનું રક્ષણ મળે છે. અત્યાર સુધીમાં, 27 કરોડથી વધુ લોકો આ યોજનામાં જોડાયા છે , અને આશરે 1.1 મિલિયન પરિવારોને આશરે 22 હજાર કરોડની સહાય પૂરી પાડવામાં આવી છે.

પ્રધાનમંત્રીએ ટેકનોલોજી અને યાંત્રિક બુદ્ધિમત્તાના વર્તમાન યુગમાં આપણી સર્જનાત્મકતાને કેવી રીતે જાળવી રાખવી તે અંગે પણ ચર્ચા કરી.

અંતમાં જળ સંરક્ષણ અંગે , પ્રધાનમંત્રીએ કહ્યું કે વરસાદી પાણીના દરેક ટીપેટીપાંને બચાવવું જોઈએ. તેમણે કહ્યું કે કેચ ધ રેઈન અભિયાનમાં કોઈ બાંધછોડ ન હોવી જોઈએ.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

## AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગુજરાતના ગાંધીનગરમાં પીએમ ફેમિલી કેર ટ્રેકર ડેશબોર્ડના પાયલોટ પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું, છેલ્લા 12 વર્ષમાં દેશમાં આરોગ્ય ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તન થયા છે. તેમણે કહ્યું માત્ર યોજના બનાવવા પૂરતી જ નહીં તેના લાભ દરેક જરૂરિયાત મંદ સુધી પહોંચાડવા સરકાર કટિબદ્ધ છે.

**(BYTE: AMIT SHAH)**

તેમણે કહ્યું પીએમ ફેમિલી કેર ટ્રેકર ડેશબોર્ડના માધ્યમથી સગર્ભા માતાઓ તેમજ 18 વર્ષ સુધીના બાળકોને ઓળખી તેના સુધી સરકારની યોજનાઓનો લાભ પહોંચાડવામાં આવશે.

ઉલ્લેખનીય છે જે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં અમલમાં મૂકાયેલા આ પ્રોજેક્ટ હેઠળ ગર્ભવતી મહિલાઓથી લઈને 18 વર્ષ સુધીના બાળકોના આરોગ્ય, પોષણ અને શિક્ષણનું એકીકૃત ડિજિટલ ટ્રેકિંગ કરાશે.

કાર્યક્રમ દરમિયાન શ્રી શાહે બાળકોના આરોગ્ય માટે હેલ્થ પાસપોર્ટ નું વિમોચન ઉપરાંત સગર્ભા તેમજ ધાત્રી માતાઓને કીટ વિતરણ કર્યું હતું. ,, કાર્યક્રમ બાદ શ્રી શાહે પીએમ ઈ બસ સેવાના પ્રથમ તબક્કા હેઠળ ઇલેક્ટ્રિક બસોને લીલીઝંડી આપી.

# EVE SHIVRAJ-GRAMIN SAMMELAN

કૃષિ અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે  વિકસિત ભારત 2047 ના દ્રષ્ટિકોણને સાકાર કરવામાં ગામડાઓની  ભૂમિકાને મહત્વપૂર્ણ ગણાવી. નવી દિલ્હીમાં રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ સંમેલનને સંબોધતા , શ્રી ચૌહાણે જણાવ્યું, કે  તેમણે કહ્યું, ગ્રામીણ વિકાસને વેગ આપવા અને ગ્રામીણ કામદારો માટે આજીવિકા સુરક્ષા સુનિશ્ચિત કરવા રાજ્યોના હિસ્સા સહિત 1 લાખ 51 હજાર કરોડ રૂપિયાથી વધુની જોગવાઈ કરવામાં આવી છે.રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ 10 કરોડથી વધુ મહિલાઓને સ્વ-સહાય જૂથો સાથે જોડવામાં આવી છે.

આ પ્રસંગે, શ્રી ચૌહાણે  ગ્રામીણ આંતરિક ઓડિટ પોર્ટલ લોન્ચ કર્યું , જે જોખમ-આધારિત અને  ઓડિટ અનુપાલન બંનેને આવરી લેતા આંતરિક ઓડિટના સંચાલન માટે એકીકૃત ડિજિટલ મંચ છે.

# CEC-KASHMIR VISIT

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર જમ્મુ અને કાશ્મીરની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે શ્રીનગર પહોંચ્યા છે. તેઓ  કાશ્મીરમાં વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે, જેનો હેતુ મતદારો અને સાથે જોડાણ અને પાયાના સ્તરની ચૂંટણી પહેલની સમીક્ષા કરવાનો છે.

શ્રી કુમારે કહ્યું કે તેઓ બડગામ જિલ્લાના પાયાના સ્તરના બૂથ લેવલ અધિકારીઓ સાથે વાતચીત કરશે.

# EVE. EUROPE HEATWAVE

યુરોપમાં તીવ્ર ગરમી યથાવત છે . ફ્રાન્સ, જર્મની અને ચેક રિપબ્લિક સહિત અનેક દેશોમાં તાપમાનમાં વધારો નોંધાયો છે.

ફ્રાંસમાં ગરમીને કારણે બુધવારથી અત્યાર સુધીમાં 1 હજાર લોકોના મોત થયા છે જેમાં 85 ટકા વૃદ્ધોનો સમાવેશ થાય છે.

જ્યારે જર્મનીના કેટલાક ભાગોમાં જંગલમાં આગ ફાટી નીકળતા કટોકટી સેવાઓ પર દબાણ વધ્યું છે.

તો હંગેરીમાં, ડેન્યુબ નદીમાં પાણીના તાપમાનમાં વધારો થવાથી પરમાણુ વીજ એકમને અસર થઈ છે.

# IND-IRELAND-CRICKET-TOSS

પુરુષોની આંતરરાષ્ટ્રીય T20 ક્રિકેટની અંતિમ મેચમાં યજમાન આયર્લેન્ડે ભારતને જીતવા 155 રનનો લક્ષ્યાંક આપ્યો છે .આયર્લેન્ડની ટીમે નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 154 રન બનાવ્યા. અગાઉ, ભારતે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો.

શુક્રવારે પહેલી મેચમાં ભારત સામે 34 રનથી વિજય મેળવ્યા બાદ આયર્લેન્ડ શ્રેણીમાં 1-0થી આગળ છે.

# T20-CRICKET

ICC મહિલા T20 વિશ્વ કપમાં, આજે લંડનના લોર્ડ્સ ક્રિકેટ મેદાન ખાતે ગ્રુપ A ની અંતિમ મેચમાં ભારત ઓસ્ટ્રેલિયા વચ્ચે મુકાબલો થઈ રહ્યો છે. ભારતે ટોસ જીતીને પહેલા બેટીંગ પસંદ કરી છે.

હમણાં મળતા અહેવાલ મુજબ

ભારતે 11.2 ઓવરમાં 1 વિકેટે 83 રન બનાવ્યા છે .